Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# નારીમુક્તિ અંગે ગાંધીજીના વિચારો

ડો. ધવલભાઈ પી. રાણા

વ્યાખ્યાતા, શ્રી શારદાપીઠ આર્ટ્સ, કોમર્સ એન્ડ કૉલેજ ઓફ એજ્યુકેશન, દ્વારકા

*સારાંશ :*

*ઈતિહાસને સાક્ષી માનતા ગાંધીજી કહે છે કે પ્રાચીન ભારતમાં સ્ત્રીઓ જીવનના અનેક ક્ષેત્રોમાં પુરૂષો કરતાં આગળ હતી અને તેઓએ સામાજિક જીવનમાં પોતાનો ઉછેર કર્યો. સ્ત્રી એ આત્મ-બલિદાનનું મૂર્ત સ્વરૂપ છે અને સ્ત્રી અને પુરૂષને સમાન દરજ્જો છે, બીજા વિના એકના અસ્તિત્વ માટે કોઈ વાજબી નથી. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો, "સ્ત્રીઓ અને પુરૂષો એકબીજાના પૂરક છે અને પોતપોતાની અનોખી જોડી બનાવે છે. ગાંધીજીએ કહ્યું હતું કે મહિલાઓને સમાજમાં પુરૂષો સમાન દરજ્જો મળવો જોઈએ કારણ કે તેઓ બુદ્ધિમત્તાની દ્રષ્ટિએ કોઈપણ રીતે પુરૂષોથી ઓછી નથી અને સમાજમાં મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળે છે. તેમના મતે, "સ્ત્રીઓ સમાન માનસિક શક્તિવાળા પુરૂષોની ભાગીદાર બને છે. તેથી માનવ સમાજના જીવનમાં તેમને સમાન અધિકારો મળવા જોઈએ અને તેમને પણ પુરૂષોની જેમ સ્વતંત્રતાનો ઉપયોગ કરવાની છૂટ હોવી જોઈએ. ભારતીય જીવનશૈલી અને વિચારસરણીમાં ગાંધીજીના મહત્વપૂર્ણ યોગદાનમાંનું એક મહિલા અધિકારો અંગેના તેમના વિચારો અને યોગદાન છે. નારીમુક્તિ અંગે ગાંધીજીના વિચારોની થોડી ઝાંખી અહીં નીચે મુજબ કરવામાં આવી છે.*

*ચાવીરૂપ શબ્દો : ગાંધીજી, મહિલાનો દરજ્જો, મહિલાઓના હક્કો- અધિકારો, પુરૂષ અને સ્ત્રી સમાનતા.*

**ગાંધીજીનું જીવન :**

મોહનદાસ કરમચંદ ગાંધી મહાત્મા તરીકે જાણીતા છે. તેઓ અત્યંત પ્રતિભાસંપન્ન નેતા હતા. મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ પોરબંદર (ગુજરાત, ભારત) માં એક હિંદુ (વૈષ્ણવ વણિક) પરિવારમાં થયો હતો. તેમના વડવાઓ વ્યવસાયે ગાંધી (કરિયાણાનો ધંધો કરતા) હતા. પરંતુ તેમની પહેલાની ત્રણ પેઢીમાં કોઈએ ગાંધીનો વ્યવસાય કરેલો નહીં અને તેઓ કોઈકને કોઈક રજવાડાના દીવાનપદે રહેલા. મોહનદાસ ગાંધીના પિતા કરમચંદ ગાંધી પણ પોરબંદર સ્ટેટના દીવાન હતા. આ ઉપરાંત તેઓ રાજકોટ અને વાંકાનેરના પણ દીવાન રહ્યા હતા. વૈષ્ણવ પરંપરા મુજબ ગાંધી કુટુંબ એકદમ ચુસ્ત શાકાહારી હતું. હિંદુઓમાં પ્રચલિત બાળવિવાહની પ્રથાને કારણે મોહનદાસના લગ્ન ફક્ત ૧૩ વર્ષની વયે કસ્તુરબા સાથે થયા હતા. મોહનદાસ ગાંધીને ચાર પુત્રો હતા. સૌથી મોટો પુત્ર હરીલાલ (જન્મ સન ૧૮૮૮), ત્યાર બાદ મણીલાલ (જન્મ સન ૧૮૯૨), ત્યારબાદ રામદાસ (જન્મ સન ૧૮૯૭) અને સૌથી નાનો પુત્ર દેવદાસ (જન્મ સન ૧૯૦૦). તરુણાવસ્થા સુધી ગાંધી એકદમ સામાન્ય વિદ્યાર્થી હતા. શરૂઆતનો અભ્યાસ તેમણે પોરબંદર અને પછી રાજકોટમાં કર્યો હતો. મેટ્રીક્યુલેશનની પરીક્ષા માંડ માંડ પાસ કર્યા પછી સન ૧૮૮૭ માં યુનિવર્સિટી ઑફ બૉમ્બે સાથે સંલગ્ન શામળદાસ કોલેજમાં ઊચ્ચ અભ્યાસ અર્થે તેમણે પ્રવેશ લીધો. જો કે ત્યાં તેઓ ઝાઝું ટક્યા નહીં. તેમના ઘણા કુટુંબીઓ ગુજરાતમાં ઊંચા પદ પર નોકરી કરતા હતા. કુટુંબનો આવો મોભો જાળવવા તેઓ બૅરીસ્ટર બને તેવી તેમના

કુટુંબીઓની ઇચ્છા હતી. એવામાં જ તેમને ઇંગ્લેન્ડમાં અભ્યાસ કરવાની તક મળી. વળી, ભારતમાં અંગ્રેજોની હકૂમતના કારણે બંધાયેલી તેમની માન્યતા મુજબ તો ઇંગ્લેન્ડ વિચારકો અને કવિઓની ભૂમિ હતી તેમજ તહજીબનું કેન્દ્ર પણ ઇંગ્લેન્ડ જ હતું. આથી તેમણે ઇંગ્લેન્ડ જવાની એ તક ઝડપી લીધી. ત્યાર બાદ ગાંધીજીનું અલગ વ્યક્તિત્વ દુનિયા સમક્ષ ઉજાગર થયું.

તેમણે અંગ્રેજ સરકાર પાસેથી દુનિયા દંગ રહી જાય તે રીતે ભારત દેશને આઝાદી અપાવી. તેમની અહિંસક ચળવળની ફિલસૂફીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિપૂર્ણ તબદીલી ઉપર ખૂબ ઊંડો પ્રભાવ પાડ્યો. તેમના શબ્દોમાં આ ચળવળ એ એક સત્યાગ્રહ હતો અને આખરે તેમણે સફળતા મેળવી અને એ સાબિત કરી બતાવ્યું. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક મોહનદાસ કરમચંદ ગાંધી વિશ્વ માનવ હતા. તેઓ મહાત્મા ગાંધી નામે વિશ્વભરમાં જાણીતા થયેલા અને ભારતના રાષ્ટ્રપિતા તરીકેનું માન પામ્યા છે. તેમણે બ્રિટીશ રાજ પાસેથી આઝાદી મેળવવાની ભારતની ચળવળને દુનિયાના નકશા પર મૂકી. તેમના આદર્શો ભારતમાં અને અન્ય દેશોમાં પણ શાંતિમય પરિવર્તનની ચળવળ માટે પ્રેરણાદાયક રહ્યા છે. અહિંસક સવિનય કાનૂનભંગનો જે ખ્યાલ તેમણે લિયો ટોલ્સટોય અને હેન્રી ડેવિડ થોરો પાસેથી મેળવ્યો હતો, તેના ઉપયોગ દ્વારા તેમણે બ્રિટીશ રાજ્યની હકાલપટ્ટી કરી ભારતને સ્વતંત્ર બનાવ્યું. આમાંથી પ્રેરણા લઈ ઘણાં પ્રદેશના લોકોએ પોતાના દેશની સ્વતંત્રતા માટે બ્રિટીશરો સામે લડાઈ આદરી અને ક્રમશઃ બ્રિટીશ સામ્રાજ્યનો વિસ્તાર ઘટીને ફક્ત તેમના પોતાના દેશ બ્રિટન (અને સ્કોટલેન્ડ) સુધી સીમિત થઈ ગયો. આમ ગાંધીજીની પ્રેરણાદાયી લડતને કારણે ફક્ત ભારત પર બ્રિટીશ શાસન જ નહીં પણ જેના રાજ્યનો સૂરજ કદી આથમતો નહોતો તેવી બ્રિટીશ સલ્તનત ખુદ આથમી ગઈ અને કોમનવેલ્થ દેશોનું અસ્તિત્વ ઊભું થયું. ગાંધીજીના સત્યાગ્રહના આદર્શે માર્ટીન લ્યૂથર કિંગ જુનિયર જેવા લોકશાહીના પ્રખર હિમાયતી અનેક આંદોલનકારીઓ માટે નવો રસ્તો ઊભો કર્યો. માર્ટીન ઘણી વખત કહેતા કે ગાંધીજીના આદર્શો સરળ હતા તેમજ તે પારંપરિક રીતે હિન્દુ સંસ્કૃતિ સાથે સંકળાયેલી સત્ય અને અહિંસા જેવી માન્યતામાંથી તારવેલા હતા. ગાંધીજી એ સમાજ સુધારક તરીકે ઘણા બધા કાર્યો કર્યા છે. એમાથી જ એક કાર્ય નારીશક્તિને વિકસાવવાનું છે. નારીમુક્તિ અંગેના એમના કાર્યોને આજે પણ આખું ભારત યાદ કરે છે.

**નારીમુક્તિ અંગે ગાંધીજીના વિચારો** :

મહિલા અંગે ગાંધીજીનું માનવું હતું કે મહિલાનું સામાજિક શોષણ ત્યારે જ અટકશે જ્યારે તે ભણશે અને પોતાના અધિકાર અંગે જાગૃત બનશે. આપણે મહિલા સશક્તિકરણ, મહિલાના અધિકાર અને સમાજમાં મહિલાના સ્થાન અંગે ખૂબ જાણ્યું અને છાપાં-મેગેઝિનો, પુસ્તકો, ટી.વી.માં પણ આ વિષય સંદર્ભે ખૂબ માહિતી વાંચતાં-જોતાં હોઇએ છીએ. આઝાદી પછી મહિલાઓને અધિકાર આપતાં ઘણા કાયદા બન્યા છે. જો મહિલા આ કાયદાઓ થકી અધિકાર મેળવે તો

બંધારણમાં મહિલા માટે સમાનતાનો જે અધિકાર આપેલ છે તે પરિપૂર્ણ થઇ જાય, પરંતુ આપણી આજુબાજુ નજર નાખતાં આપણે જોઇએ છીએ કે મહિલાની પરિસ્થિતિ જે બંધારણે વિચારી હતી તે હજુ સુધી ફળીભૂત થઇ નથી. આજે ગાંધી જયંતી નિમિત્તે એક એવા મહાન માનવીની આપણે વાત કરવી છે જેમણે મહિલાઓના ઉત્થાન માટે અને મહિલાઓ સમાજમાં માનભેર જીવી શકે અને જ્યાં મહિલાને ગર્વભેર રહી શકાય એવો એક સમાજ બની શકે એ વિશે ખૂબ કહ્યું છે. આ મહાન માનવી છે, આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી. ગાંધીજીએ તેમના જીવન દરમિયાન તેમના કામ થકી અને તેમના પુસ્તકોમાં મહિલા અને સામાજિક પરિવર્તન વિશે ઘણી બાબતો જણાવી છે.

તેઓ દૃઢપણે માનતાં અને અસંખ્ય વાર તેમણે જણાવેલું છે અને તેઓના પુસ્તકોમાં પણ લખેલું છે કે જો મહિલાએ સમાનતાનો સ્વમાનવાળો અને સ્વાવલંબી દરજ્જો સમાજમાં મેળવવો હોય તો સૌથી અગત્યની અને પ્રાધાન્યવાળી બાબત છે ભણતર. તેઓના પુસ્તકમાં તેમણે લખ્યું છે કે આઝાદી અને સમાનતા સ્ત્રીનો જન્મસિદ્ધ અધિકાર છે અને તેની પ્રતીતિ સ્ત્રી અને સમાજ બંનેને હોવી જોઇએ. એટલે જ તેઓએ કહ્યું છે કે મહિલાએ તેને શું જોઇએ છે તે માટેનો તેણે પોતે જ નિર્ણય કરવો પડે. પુરુષ અને સ્ત્રી બંને મૂળભૂત રીતે સરખાં છે. માણસ તરીકે બંને સરખી જિંદગી જીવે છે અને એકબીજાનાં પૂરક થઇને રહે છે, પરંતુ આપણે સદીઓથી જોતાં આવ્યા છીએ કે સમાજ પુરુષ પ્રધાન થઇ ગયો છે અને મહિલા ઉપર પુરુષ તેની સત્તા જમાવે છે. આમ, પુરુષપ્રધાન સમાજમાં પુરુષે મહિલાને બીજી કક્ષાનો દરજ્જો આપી દીધો છે. ગાંધીજીના ઉપર જણાવેલા વિચારો આપણને વિચારમાં મૂકી દે છે કે શું આપણે આ મહાનુભાવે કહેલી વાત સમજી શકીને મહિલા ઉત્થાનના પંથે નક્કર કામ કરી રહ્યા છીએ? આઝાદીની ચળવળ દરમિયાન ગાંધીજીએ જ્યારે દેશભરમાં પ્રવાસ કર્યો, ત્યારે તેઓએ જોયું કે સાચું ભારત તો તેના લાખો ગામડાંઓમાં જીવે છે. તેમણે ગરીબી જોઇ, દમન જોયું અને ખાસ કરીને મહિલાઓ સાથે સમાજમાં થતો વ્યવહાર જોયો. એ જોઇ તેમનું હૃદય દ્રવી ઊઠેલું. જાણીતા લેખક નૈપાલ લખે છે કે ગાંધીજીએ વારંવાર એવું કહેલું કે ભારત દેશે પોતાની ગરીબ, છૂત-અછૂતમાં ફસાઇ ગયેલી પ્રજા અને નિ:સહાય મહિલા માટે અથાગ પ્રયત્ન કરવા પડશે અને ખાસ કરીને મહિલાને બધા જ દમનમાંથી - જેમાં પિતૃપ્રધાન સમાજ, દહેજ પ્રથા, બાળલગ્નો, સતી પ્રથા અને શોષણમાંથી - મુક્ત કરી તેને સમાજમાં માનભેર સ્થાન આપવું પડશે તો જ ભારત દેશનું સાચા અર્થમાં નિર્માણ થશે.

દેશની સાચી પ્રગતિ ત્યારે જ થઇ ગણાય જ્યારે તેની વસ્તીની દરેકેદરેક મહિલા પગભર હોય, સ્વમાનભેર જીવતી હોય. સમાજમાં તેનું આગવું સ્થાન ધરાવતી હોય. ગાંધીજીએ એવું પણ એમના પુસ્તકોમાં લખેલું છે કે મહિલાને જે અસંખ્ય અન્યાય થાય છે તેના માટે સામાજિક પરિવર્તન લાવવું બહુ જરૂરી છે. જેના લીધે સમાજ મહિલાને જોવા માટેનો દૃષ્ટિકોણ બદલે, પુરુષ અને સ્ત્રીને સમાન ગણે અને

મહિલા તેના બધા જ અધિકાર ભોગવી શકે જેને લીધે એ જે અસમાનતા ભોગવી રહી છે તે ન ભોગવે. ૧૯૩૬ના ડિસેમ્બર મહિનામાં એટલે કે લગભગ સાતેક દાયકા પહેલાં ગાંધીજીએ ઓલ ઇન્ડિયા વિમેન્સ કોન્ફરન્સમાં કહેલું, 'ભારત દેશની અબળા ત્યારે જ સબળા બની શકશે જ્યારે તે ભણશે અને પોતાના પગ પર ઊભી રહેશે અને અન્યાય સામે લડવા માટે સક્ષમ બનશે.' આપણે ગાંધીજીએ મહિલા ઉત્થાન વિશે જણાવેલી ઘણી વાત કરી અને છેલ્લા ઘણાં દાયકાઓમાં આપણે મહિલાને સ્વાવલંબી, સક્ષમ અને સશક્ત બનાવવા સાક્ષરતા અભિયાન પણ શરૂ કર્યાં છે, પરંતુ તેના જોઇએ તેવા પરિણામ મેળવી શક્યા નથી. આજે પણ અનેક જગ્યાએ દેશમાં મહિલા પર અત્યાચાર થાય છે.

પુરુષ પત્ની પર હાથ ઉપાડતાં કે તેને અપમાનિત કરતાં આજે પણ અચકાતો નથી. અનેક જગ્યાએ સ્ત્રીભૂણ હત્યા થાય છે, બાળ લગ્નો થાય છે. કેટલાક કિસ્સા આપણી સામે આવે છે, તો કેટલાક કિસ્સા છાને ખૂણે ક્યાંય દબાઇ જાય છે. આજે પણ દીકરીઓને ભણાવવા માટે જાગૃતિના પ્રયત્નો મોટા પાયે કરવા પડે છે. અલબત્ત, એ અંગે બે મત નથી કે મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ વધ્યું છે પરંતુ આજે પણ મહિલાને પોતાના નિર્ણય લેવા માટે જે સક્ષમતા જોઇએ અને જે સશક્તિકરણ થવું જોઇએ - તે જોઇએ તેવું થયું નથી. આપણે જો ગાંધીજીના વિચારો પ્રમાણે અને તેમણે સૂચવ્યા મુજબના માર્ગ ઉપર મહિલાઓના ઉત્થાન માટે પ્રયત્નશીલ નહીં થઇએ અને મહિલાઓને સુશિક્ષિત સક્ષમ અને જાગૃત નહીં બનાવીએ તો આઝાદી પછી પણ અને સંવિધાને અધિકાર આપ્યા છતાં મહિલાઓના અધિકાર ફક્ત વાતોમાં જ રહેશે અને જે સમાજ અથવા જે ભારતનું સપનું ગાંધીજીએ જોયું હતું તે કદાચ ક્યારેય સાકાર નહીં થઇ શકે.

**તારણો** :

પ્રવર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં પુરુષ વર્ચશ્વના વિરોધમાં ઊભા થયેલા નારીવાદી આંદોલનોથી સ્ત્રીઓની સ્થિતિમાં ઘણો સુધારો થયો છે. પણ હું એમ અવશ્ય માનું છું કે સ્ત્રી પુરુષની નકલ કરીને કે તેની સાથે સ્પર્ધામાં ઉતરીને જગતના હિતમાં પોતાનો ફાળો નહીં આપી શકે. પુરુષની સાથે એ દોડી તો શકશે પણ તે પુરુષની નકલ કરવા જશે તો જે ઊચાઇ સુધી ચડવાની પોતાની શક્તિ છે ત્યાં લગી ચડી નહીં શકે. સ્ત્રીએ તો પુરુષની પૂર્તિરૂપ બનવું રહ્યું છે. પુરુષ જે કરી જ ના શકે એ તેણે કરવાનું છે. પ્રવર્તમાન સમયમાં મહિલાઓએ જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તે પૂરતું નથી. નારીમુક્તિનો અર્થ એ નથી કે નારી વસ્ત્રોથી મુક્ત થઈ જાય કે ગર્ભથી મુક્ત થઈ જાય. સ્ત્રીની સાચી મુક્તિ તો સ્ત્રી હોવામાં છે. તેના પોતાનામાં છે. ગાંધીજીએ પુરુષોની નકલ કરવા સામે સ્ત્રીઓને ચેતવી છે. તેમણે કહ્યું છે કે, " પુરુષોની ખામીઓની કે તેમની કેટલીક રીતભાતની નકલ કરવી એ સમાનતાનો અર્થ નથી. તેમનું માનવું હતું કે નારી એ પવિત્રતા, આત્મત્યાગ અને નિઃસ્વાર્થ પ્રેમ અને સેવામાં પુરુષો પર દાખલો બેસાડવો જોઈએ. સમાનતા માટે કોઈએ કોઇની નકલ કરવાની જરૂર નથી." ગાંધીજીની દ્રષ્ટિએ મહિલાઓનો

સમાનતાનો દરજ્જો છે જે આપણે પ્રવર્તમાન સમયમાં કાયદાકીય રીતે નહીં પણ મનથી, સમજદારીથી અને વૈચારિક રીતે સ્વીકારવો રહ્યો.

**સંદર્ભ**


1. ગાંધી મોહનદાસ (2012) મારા સ્વપ્નનું ભારત, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
2. ગાંધી મોહનદાસ (2012) ગ્રામ સ્વરાજ, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
3. ગાંધી મોહનદાસ (2014) સત્યના પ્રયોગો, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
4. ગાંધી મોહનદાસ (1940) ગાંધી વિચાર દોહન, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
5. પટેલ મગનભાઇ (2013) ગાંધીજીનું ધર્મદર્શન, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય
6. મકનજી લલ્લુભાઈ (2005) સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
7. ભટ્ટ ઉષાબેન (1982) અમદાવાદ શહેરની સ્ત્રી નેતૃત્વ શક્તિ, (1920 થી 1947) અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી.
8. જાની ગૌરાંગ (2013) આયનામાં સમાજ, રાજકોટ : ફૂલછાબ પ્રકાશન.